અપીલ અરજી નં.૩૪૭ તા.૧૨–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મોહમંદ આરીફ ગુલામ રસુલ શેખ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહમંદ આરીફ ગુલામ રસુલ શેખની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ભાગાતળાવ જનતા માર્કેટ પાછળના દબાણો બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૭/૨૦૦૯–૧૦

શ્રી મોહમંદ આરીફ ગુલામ રસુલ શેખની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ભાગાતળાવ જનતા માર્કેટ પાછળના દબાણો બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૫ તા.૨૨–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સ ેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી કે આરટીઆઈ એકટ હેઠળ ઈન્કાર અંગે કલમ–૮,૯,૧૧ હેઠળનો અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ભાગાતળાવ જનતા માર્કેટ પાછળ ૧. સદર જગ્યા પરના દબાણો કેમ દુર કરવામાં આવતા નથી.૨. સદર જગ્યા મનપાની માલીકીની કીંમતી જગ્યાના દબાણો હટાવી પાર્કીંગની કેમ વ્યવસ્થા કરવામાં આવતી નથી. ૩. સદર જગ્યાની આજુબાજુની દુકાનો ગેરકાયદેસર છે તેને કેમ દુર કરવામાં આવતી નથી. ૪. સદર જગ્યાનું ભાડુ લઈ દબાણ કરનારા વિરુધ્ધ પગલા લેશો. ૫. સદર જગ્યા પરના દબાણના કારણે મોહલ્લાવાસીઓને છુટકારો કયારે અપાવશો. ૬. સદર જગ્યા પરના દબાણ (૦) દબાણ હેઠળ માલ સામાન જપ્ત કેમ કરવામા આવતું નથી? તેવી માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી નહીં મળતા અરજદારે તા.૧૨–૧–૧૦ ના રોજ મુદ્દા નં.૧ થી ૬ ની માંગવામાં આવેલી માહિતી સમય મર્યાદામાં નહીં મળી હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવ્યા છતાં કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી તેમજ અરજદારને માહિતી પૂરી પાડયાનું જણાતું નથી. કે ઈન્કાર અંગે કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહમંદ આરીફ ગુલામ રસુલ શેખ